સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

ભર્યા કરે ખિસ્સાં, કાયદા કરવાનો ટેમ છે ક્યાં?
લડે ચૂંટણીઓ, સારું વિચારવાનો, ટેમ છે ક્યાં?
ચૂંથાય સ્ત્રી ને બાળકો સાચવવાનો, ટેમ છે ક્યાં?
ફર્યા કરે જીવતાં પ્રેત, મરવાનો ટેમ છે ક્યાં?
(ધનકૂબેરોને કાયદા કરવાનો સમય નથી - સુપ્રીમ)

હાઈકુ

પૂરે છે ખાડા,
દંભ કરતાં પ્હેલાં -
પેટ ના પૂરો!!
(ખાયકી પર લીંપણ)

જાણ છે સારું -
અમારી સરકાર -
પેપર વર્ક!!
(ઓરોગામી - તમારા કરતાં)

ચિંતન

જબ લગે સમક્તિ રત્નકુ, પાયા નહિં પ્રાણી,
તબ લગે નિજ ગુણ નવિ વધે, તરૂ વિણ જિમ પાણી.

ઉપરોક્ત સાખી કવિ ઋષભદાસ કૃત 'સમક્તિસાર રાસ'માંથી લેવામાં આવેલ છે.

નીર વિના વૃક્ષનો વિકાસ અસંભવ છે, તેમ સમક્તિ રૂપી રત્નની પ્રાપ્તિ વિના આત્મિક સંપત્તિનો વિકાસ અસંભવ છે,

આકાશમાં ચિત્ર દોરી શકાતું નથી, તેમ સમક્તિ વિના તપ, સંયમ અને ધર્મક્રિયાઓ નિરર્થક બને છે.

મૃદુ માટી વિના ઘડો ન બને, કારણ વિના કાર્ય ન ઉપજે, તેમ સમક્તિ વિના આત્માને મોક્ષસુખ ક્યાંથી મળે?

સમક્તિ એ મોક્ષનું મૂળ છે.

સમક્તિ એ નમ્રતા છે. સૌને અનુરુપ થઈ રહેવું - અનુકૂળન સાધવું - સમક્તિ દ્વારા સંયમ આવે છે કામ-ક્રોધ-મોહમાં પણ સંયમ, સમક્તિ દ્વારા જ સચવાય છે.

સુવિચાર

- આશા ગુમાવીને રોટલો ખાવે, એ તો ભૂખે મરીને મૃત્યુ પામવા કરતાંય ધીમું મોત ગણાય - **પર્લ બક**
- માણસ પહોંચી વળે તે કક્ષા કરતાં, માણસ પહોંચી સકે તે કક્ષા હંમેશા ઊંચી હોય - **રોબર્ટ બ્રાઉનીંગ**
- જીવન સહજ, સરળ હોય, સરળ છે તે જ સબળ છે - **મોરારિ બાપુ**
- જીવનમાં 'કંસ્ટ્રકશન' નહિં, 'ક્રિએશન' હો, સર્જન હો, નિર્માણ નહિ - **માનસસૂત્ર**
- સમ્યક વાણી, ન વધારે ન ઓછી, સમ્યક વાણીનો અર્થ એવો પણ થાય છે કે જે ધીરે ધીરે પોતાને મૌન તરફ લઈ જાય - **કંઠોપનિષદ**
- માણસ ત્રણ 'વિ' માં જીવે છે. કોઈક વિદ્રોહમાં જીવે છે, કોઈક વિનોદમાં જીવે છે, અને કોઈક 'વિસ્મય'માં જીવે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : હાથ કે પગની ચામડી ફાટે ત્યારે વડનું દૂધ લગાડવાથી મટે છે

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

બેંકના લેણાં-લોન નિયમસર હપ્તાને વ્યાજ ન ભરનાર, ચાદર પ્રમાણે પગ લાંબા ન કરનાર પછી આત્મહત્યા કરે - સરકાર લોન માફ કરે જે નિયમસર ચાલે ઈ ગુન્હેગાર?!

જવાહરલાલ નહેરુ જયારે અલ્હાબાદ નગરપાલિકાના પ્રમુખ હતા. તેઓ નિયમ અને શિસ્તના આગ્રહી હતા. એકવાર નગરપાલિકાના પાણીવેરાના અધિકાર અબુલ ફઝલ એક યાદી લઈને નહેરુ પાસે આવ્યા. એ યાદીમાં જેમણે છેલ્લા ૨ વર્ષથી પાણીવેરો ભર્યો ન હોય તેમના નામ સરનામા હતા. યાદીમાં અલ્હાબાદ શહેરના ખૂબ નામાંકિત તથા પ્રતિષ્ઠિત વ્યક્તિઓ હતા. અબુલ ફઝલે કહ્યું, 'નિયમ પ્રમાણે આ યાદીના પાણીના જોડાણ કાપી નાખવા પડશે. આપ લેખિતનમાં હુકમ કરો... શું કરવું?!'

જવાહરલાલે જવાબ આપ્યો, ભાઈ અબુલ, નિયમ એટલે નિયમ, નામાંકિત હોય કે સામાન્ય નાગરિક હોય, એવો કી ભેદ હોઈ શકે જ નહિ. જાઓ અને યાદીમાના તમામના પાણીના જોડાણ કાપી નાખો...'

અબુલ ફજલે યાદી માના તમામના પાણીના જોડાણ કાપી નખાવ્યા. જેમાં શહેરના મુખ્ય જજ, પોલીસના વડા, કલેકટર, મોતીલાલ જવાહરલાલને બોલાવીને કહ્યું, 'નગરપાલિકાએ જોડાણ કાપતાં પહેલાં નોટીસ આપવી જોઈએ.' ત્યારે જવાહરલાલે કહ્યું, 'વાત તમારી પણ સાચી છે. પણ નાગરિકોની પણ ફરજ છે કે સમયસર તેમણે વેરા ભરી દેવા જોઈએ.' અને હા, પિતાજી, નિયમ પાલનમાં હું ભેદભાવ રાખું એવું શિક્ષણ આપે મને આપ્યું નથી.' મોતીલાલે તરત બાકી વેરો ભરાવી મનોમન પુત્ર પર ગૌરવવંતી લાગણી થઈ.

બે મહાન રાષ્ટ્રોનો મૈત્રી મહોત્સવ

તંત્રીસ્થાનેથી...

ઊગતા સૂર્યના દેશ તરીકે ઓળખાતા જાપાન સાથે ભારત ઘણા પ્રાચીન સમયથી સાંસ્કૃતિક સંબંધ ધરાવે ચે. વર્ષો પહેલાં બોધિસત્વ દ્વારા જાપાનની જૂની રાજધાની નારા ખાતે બૌદ્ધ મંદિરનું નિર્માણ કરાયેલું જે સૈકાઓ અને સહસ્ત્રાબ્દી પછી પણ ત્યાંની કદરદાન પ્રજાએ વારંવાર આવતા ભૂકંપ અને અગ્નિ તાંડવમાં ભસ્મીભૂત થયા છતાં એના મૂળ સ્વરુપે સાચવી રાખ્યું છે. ચીન અને કોરિયાના માર્ગે ભારતમાંથી જાપાન પહોંચેલો બૌદ્ધધર્મ આજે જાપાનનો રાજધર્મ છે. બૌદ્ધોમાંથી જ ઝેન પરપંરા શરુ થઈ જે જાપાનનું વિશ્વને સૌથી મોટું આધ્યાત્મિક પ્રદાન છે. વિશ્વયુદ્ધ પૂર્વે એક તબક્કે જાપાન મોટી સૈન્ય શક્તિ ગણાતું હતું પરંતુ ૧૯૪૫માં મિત્ર રાજયોની સેનાએ અમેરિકી બોમ્બ વર્ષા કરતાં જાપાનનાં હિરોશીમા અને નાગાસાકી શહેરોનો ધ્વંસ થયો હતો અને લાખો માણસોનાં કમકમાટીભર્યાં મોત થયાં હતા. એ પછી જાપાને જે વળાંક લીધો તે માનવીના ઈતિહાસની ગૌરવપૂર્ણ ઘટના છે. જાપાને વિશ્વશાંતિની તરફેણ કરતા સાંસ્કૃતિક રાષ્ટ્ર તરીકે રાખમાંથી બેઠા થઈ આર્થિક મહાસત્તાનું સ્વરુપ ધારણ કર્યું. વિશ્વ અચંલો પામી ગયું. આજે પણ દુનિયાની આર્થિક મહાસત્તાઓમાં અગ્રસ્થાને રહેલ જાપાન યુદ્ધનું વિરોધી છે. જે અમેરિકાએ એના પર કાળો કેર વરતાવ્યો હતો એને જ જાપાને પોતાની સુરક્ષાની જવાબદારી સોંપી દીધી છે. ચોખ્ખાઈ, ઈમાનદારી અને વિવેક તો જાપાનનાં જ. એની પ્રગતિનું એક પ્રતીક છે વિવિધ ટાપુઓને સાંધતા અદ્યતન બ્રિજ તો બીજું પ્રતીક છે. બુલેટ ટ્રેન. જાપાનના વડાપ્રધાન શિન્ઝો એબે અગાઉ પણ ભારતના મહેમાન બની ચૂક્યા છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમને વિશ્વની પ્રાચીનત્તમ નગરી વારાણસીમાં પવિત્ર ગંગા કિનારે લઈ જઈ ગંગાજીની આરતીનો લાભ પણ અપાવ્યો હતો. જાપાનના સાંસ્કૃતિક વગર ક્યોટો જેવું જ બનારસ બનાવવા અંગે બે શહેરો વચ્ચે વિધિવત્ કરાર પણ કરાયા હતા. અલબત્ત એ દિશામાં થવી જોઈએ એવી પ્રગતિ થઈ નથી, એ હકીકત હોવા છતાં શિન્ઝો એબેને વડાપ્રધાન મોદી વધુ એક મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટનું ખાતમુર્હૂત માટે અમદાવાદ તેડાવી શક્યા છે, તે બેઉ નેતાઓ વચ્ચેની વૈચારિક સમજદારી અને બેઉ રાષ્ટ્રો વચ્ચેના ઘનિષ્ઠ સંબંધોની જ પ્રતીતિ કરાવે છે. અમદાવાદ-મુંબઈ વચ્ચે હાઈસ્પીડ ટ્રેન દોડાવવાનું સપનું જયારે સાકાર થાય ત્યારે ખરું પણ આવું સપનું સેવવું એ જ દોહ્યલુ હતું ત્યારે જાપાનના વડાપ્રધાનની હાજરીમાં જ એનું ખાતમુર્હૂત થાય છે તે કોઈ નાની-સૂની ઘટના નથી. જાપાન ભારતને છેલ્લાં ઘણાં વર્ષોથી આર્થિક સહાય કરતું આવ્યું છે. આજે પણ એ અબજો રૂપિયાનાં રોકાણ અને ઓચા વ્યાજની લોન આપી ભારતને વિશ્વની આર્થિક મહાસત્તા બનાવવામાં મદદરૂપ બની રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી એટલા નસીબદાર છે કે એમના કાર્યકાળ દરમિયાન અમેરિકા, રશિયા અને જાપાન સહિત ઘણા દેશો સાથે ભારત ખૂબ જ નજીક આવી શક્યું છે. અલબત્ત એનું સૌથી મોટું મહત્ત્વનું કારણ તો એ છે કે ભારત હવે વિશ્વનું સૌથી મોટું બજાર બની ચૂક્યું છે અને દરેક વિકસિત રાષ્ટ્રને એની સાથે વેપાર કરવો છે. શિન્ઝો એબેની વારંવારની ભારતયાત્રા અને ભારતીય વડાપ્રધાન દ્વારા એમને ઉમળકાપૂર્વક ઘર આંગણે આવકારવાની ઐતિહાસિક ઘટના પછી એશિયાના આ બેઉ દેશો વચ્ચે આર્થિક અને સાંસ્કૃતિક સંબંધો વધુ દઢ બનશે. ચીન અને પાકિસ્તાન જેવાં દુશ્મન રાષ્ટ્રોને ભારતની વધતી તાકાતનો અહેસાસ થશે અને 'વિશ્વશાંતિ'ના અગ્રદૂત તરીકે ઊગતા સૂર્યના દેશ સાથે ભારતની મૈત્રીનો લખલૂટ ખર્ચે આયોજિત મહોત્સવ સરવાળે લાભદાયક જ પુરવાર થશે.

કેમ ભૂલી ગયા? દટાયો છું! આ ઈમારતનો હુંય પાયો છું!!

લાગણીનો મેળો

રસિક વાળંદ

કેમ ભૂલી ગયા ? દટાયો છું!
આ ઈમારતનો હુંય પાયો છું!!

●●●

શ્રાદ્ધ પક્ષ.... પિતૃ તર્પણના દિવસો...!!

'શ્રદ્ધયા યત ક્રિયતે તત્ ।' શ્રદ્ધાથી જે અંજલિ આપવામાં આવે તેને શ્રાદ્ધ કહેવામાં આવે છે.

લખ ચોરાશી પછી મળેલો આ મનખા અવતાર... આમ જોઈએ તો માનવજીવન ઋણમુક્તિ માટે જ છે. મનુષ્ય અવતાર ધારણ કરવાની સાથે જ ત્રિવિધ ઋણ - દેવઋણ, ઋષિઋણ, પિતૃઋણ - ચૂકવવાની જવાબદારી પ્રત્યેકની આવી જ જાય છે. આ ત્રિવિધ ઋણમાંથી મુક્ત થવાનો વિચાર આ દિવસોમાં કરવાનો, એટલું જ નહિ આ સમજણ આવતાં જ તે બીજાને પણ આપવાની... શ્રદ્ધાથી થાય તે શ્રાદ્ધ.

દોસ્તો, 'દેવો ભૂત્વા દેવં યજેત્' દેવ થઈને દેવની પૂજા કરવી જોઈએ. દેવો અજરઅમર અને અભય છે. તો માનવે પણ તેવા બનવું જોઈએ. દેવ 'સત્યમ્, શિવમ્, સુંદરમ્' છે, માણસે પણ આ ગુણોને પોતાના જીવનમાં સાકારિત કરવા જોઈએ. જીવન વિકાસ કરતા કરતા દેવની સમીપ જવાનું. દેવનો થતો જાય છે, દેવ થતો જાય છે. તે દેવ-ઋણમાંથી મુક્ત થાય છે. દેવઋણ ચૂકવવા સતત ધ્યાન, પૂજન અને સ્મરણ કરવું જોઈએ.

આપણી ભારતીય સંસ્કૃતિ દિવ્ય, ભવ્ય અને મહાન છે. એના મૂળમાં ઋષિઓનો કર્મયોગ સમાયેલો છે. ભાવિ પેઢી સુખ-શાંતિ અને કલ્યાણકારી - પવિત્ર જીવન ગાળી શકે એ માટે નિરપેક્ષ ભાવે પોતાની જાત ઘસી કાઢી છે. લોહીનું પાણી કર્યું. પોતે બળીને લોકોનાં જીવન અજવાળ્યાં. તેથી સમાજ તેમને ઋણી છે. ઋષી સંસ્કૃતિ અને ઋષિ વિચારો તો પ્રચાર પ્રસાર કરી ઋષિ તર્પણ કરીએ.

જન્મ આપી જેમણે પાળ્યા... પોષ્યા... આપણા ક્ષેમકુશળ માટે પોતાના સુખ અને સ્વરાત છોડ્યાં એવા માત-પિતાનું પિતૃઋણ ચૂકવવામાં કદી પાછા ન પડીએ. મા-બાપના અગણિત ઉપકારો છે. માનવબાળ માટે 'સંતાન' શબ્દ પ્રયોજાય છે. 'સમ્યક્ તનોતિ - તનુ વિસ્તારે' અર્થાત્ પિતાએ આપેલા ધ્યેયને આગળ વધારે તે સંતાન. કાળે જેમનો નાશ કર્યો છે પણ કર્મો અને વિચારો થકી જે જીવંત છે એવો ધર્મવીરો અને કર્મવીરોનું કૃતજ્ઞ ભાવે પૂજન કરી ઋણમુક્ત થઈએ...

●●●

આજે ચિત્ર બદલાયું... સમયે કરવટ બદલી...

માનવ સંબંધો ભાવના શૂન્ય, મમત્વરહિત અને યંત્રવત્ બન્યા છે. સંતાનો કૃતઘ્ન બન્યા છે. મા-બાપના લાડ-પ્રેમને ભૂલી બેઠા છે.

મિત્રો, પોતાના બાળકને લાડ લડાવતી વેળાએ એવું યાદ આવે છે ખરું કે, 'આવા લાડ મા-બાપે મને પણ કર્યા જ હશે ને?!!!' કાલુ ઘેલું બોલતાં ભૂલકાંને રમાડવાની કેવી મજા આવે છે...' 'પેલું ગાજે... દીકા!' 'તમે મમ્મી વ્હાલી કે પપ્પા?' 'મારો ધમો... મારો દીક્કો... મારો વાઘ... મારો ભઈલો... અમે કહેતાં વહાલસોયાને લાડ લડાવતાં આજનાં મોમ-ડેડ ને જોઈ પેલા હાંસિયામાં ધકેલાઈ ચૂકેલા વૃદ્ધ મા-બાપને કેટલો ડૂમો ભરાતો હશે.'

અંધારિયા ખૂણામાં સળિયા વગરની જેલમાં સબડતાં... અપમાન... તિરસ્કારના કડવા ઘૂંટ ગળનારા... ઉપેક્ષિત... તિરસ્કૃત થયેલા મા-બાપના રડતાં માંહ્યલાને જોવાની નજર આજના વહુ કે દીકરામાં છે ખરી?!!

મા-બાપના વારા કાઢનારા... ચીજવસ્તુની જેમ ભાઈઓ વચ્ચે મા-બાપની વહેંચણી કરનારા... આંખ આગળથી હડસેલી વૃદ્ધાશ્રમની વાટ પકડાવનારા દીકરા... આવું દિવસે

અનુસંધાન પાના નં. ૭ પર

સંભલ કે રહેના અપને દેશમેં છૂપે હુવે ગદ્દારો સે

મનના ઉમંગો

રણછોડ પરમાર

આપણો દેશ અનેક વિવિધતાથી ભરેલો છે. ઊંચા ડુંગરો, જળથી ભરપુર નદીઓ, ગાઢા જંગલો, રેતીના રણ, વિશાળ નદીઓ, જાતજાતના લોકો, તેમના તરેહવારના પહેરવેશ, ખોરાક અને રીતરિવાજો, અનેક ધર્મો, અનેકાનેક સંપ્રદાયો વગેરે બીજા કોઈ દેશમાં આટલા એકસાથે જોવા મળશે નહીં. છેલ્લી વાત જે ધર્મ અને સંપ્રદાયોની કરી તેમાં એટલી બધી વિવિધતા છે કે હું આ ધરતી પર ચોસઠ વરસનો થયો પણ હજુ મને અડધા ધર્મોનો બિલકુલ પરિચય નથી. કેટલાક ધર્મો તો એમના ધર્મગુરૂઓના કૌભાંડ બહાર આવે છે પછી જ ખબર પડે છે. તાજેતરમાં રામ અને રહીમ બંનેના નામ જેનામાં જોડાયેલા છે તે રામરહીમ બાબાની રાસલીલાઓ ધીરે ધીરે છાપે ચડીને પ્રકાશી રહી છે. કોઈ પીડિતાએ અટલબિહારી બાજપાઈના કાર્યકાળ દરમ્યાન પોતાની આપવીતી દર્શાવતી વિગતવાર અરજી કરેલી. પણ બાજપાઈના જમાનામાં તો કોઈ રાજકારણીઓના ઘેર પણ દરોડા પડતા નહતા તો પછી ગુરૂઓના આશ્રમો પર શેની કોઈ કાર્યવાહી થાય ? બાબાના કમનસીબે અરજદારે એક અરજીની એક નકલ હાઈકોર્ટમાં મોકલી દીધી હશે. આવી અરજીઓ હાઈકોર્ટમાં હજારો આવતી હશે પણ બાબાના નસીબ ખરેખર વંકાયા હશે તે અદાલતે એના પર કાર્યવાહી શરૂ કરી. આજે બાબા જેલમાં છે તે જાગૃત ન્યાયતંત્રને કારણે, નહીં કે વ્યવહારુ રાજકારણીઓના લોકોપયોગી પગલાંને કારણે. થોડા વરસો પહેલાં અમદાવાદના આશારામ બાપુ પણ આવા જ કારણોસર જેલમાં ગયેલા છે. એમની સામેની કાર્યવાહી નર્મદા યોજનાની નહેરોની જેટલી ઝડપથી આગળ વધી રહી છે. એટલે કૉર્ટે ધીમી કાર્યવાહી માટે સીધી ટીકા કરી છે પણ આ રીઢા રાજકારણીઓ અત્યારે નર્મદા મહોત્સવ ઉજવવામાં પડ્યા છે. બાપુની હમણાં કશી જરૂર નથી. ભલે જેલના રોટલા ખાધા કરે. બીજું કે ચૂંટણી માથે છે ત્યારે ઝડપી કાર્યવાહી કરીને સિંધી ભાઈઓના મત ગુમાવવાનું કોને પાલવે ?

ભારતના સાધુસંતોના અખાડાવાળાઓએ આવા અઢાર ઢોંગી સાધુબાવાઓની યાદી બહાર પાડી છે. તેમાં એક અપડુડેટ મેકઅપવાળા રાધામાનો પણ સમાવેશ થાય છે. આ યાદી બહાર પડ્યા પછી બે પ્રશ્નો થાય છે. એક , શું દેશમાં કેવળ અઢાર જ ઢોંગી બાવાઓ હશે ? નાણાંને હાથ નહીં અડાડનાર સાધુજનો તો ઘણા હશે પણ કાળા નાણાનો અસ્વીકાર કરી શકે એવા સાધુઓ શોધવા મુશ્કેલ છે. સરકાર પાસેથી મફતમાં જમીન મેળવીને આલિશાન મહેલ જેવા વિશ્રામગૃહો બનાવવાનું કોઈ આધ્યાત્મિક પ્રયોજન ના હોય તે સ્વાભાવિક છે. બીજો પ્રશ્ન એ થાય છે કે એમના આંધળા ભક્તો આવી યાદીમાં વિશ્વાસ મૂકે ખરા ? તેઓ તેમના ધર્મગુરૂના સકંજામાંથી છૂટકારો મેળવવા માંગતા ના હોય તો શું કરવું ? જોયુ નહીં ચુકાદાના દિવસે રામરહીમ બાપુના સમર્થકોએ કેવું હુલ્લડ મચાવી દીધું હતું ? આજની તારીખે પણ આશારામબાપુની સામે થતી કાર્યવાહી ખોટી છે એવું તેમના ભક્તો માને છે. તેમનું કેટલું બધું બ્રૈન વૉશીંગ થયું હશે ?

એક બાજુ અખાડાવાળા ઢોંગી સાધુઓની યાદી બહાર પાડે છે, બીજી બાજુ રીઝર્વ બેંક લોકોના નાણાં ચાઉં કરી દેનારાની યાદી બહાર પાડે છે. ઈન્કમ ટેક્ષવાળા કાળા નાણાંના સોદાગરોની યાદી બહાર પાડે છે. ગોરખપુરની હોસ્પીટલમાં ઓક્સિજનના અભાવે મરતા બાળકોની રોજે રોજ બહાર પડતી યાદી તરફ હવે કોઈ ધ્યાન આપતું નથી . બીજી હોસ્પીટલો આવા નામ જાહેર કરતી નથી એટલે ત્યાં બધું સમુસુથરું છે એવું માનવાને કોઈ કારણ નથી. આ વરસે વરસાદના કારણે ધોવાઈ ગયેલા રસ્તાઓ, તેની પાછળ ખર્ચાયેલા નાણાંની યાદી હજુ સુધી કોઈ બહાર પાડી નથી. નહેરુ પુલના બસસ્ટેન્ડે કલાકથી બસની રાહ જોનારાને કોઈ પૂછો તો ખરા કે તારે મેટ્રો ટ્રેનની જરૂર છે કે નહીં . અરે ભાઈ તમે તો '' બહુત ખાઈ મહંગાઈકી માર, અબકી બાર મોદી સરકાર '' ના મોટા મોટા બોર્ડ લગાવેલા. અને અમે મનમોહનસિંહજીની મોંઘવારીથી બરાબરના કંટાળી ગયેલા એટલે તમારી વાતો પર વિશ્વાસ મૂક્યો. હવે તમે બુલેટટ્રેનનું ઉધ્ઘાટન કર્યું છે ત્યારે આશંકા રહે છે કે આ કાર્યક્રમ પણ મેટ્રો ટ્રેનની જેમ બે ત્રણ ચૂંટણી જેટલો જ લંબાઈ જવાનો ને ? એના કરતા થૉડીક મોંઘવારી ઘટાડી હોત તો સારૂ હતું.

અમને એક વાતની ખાતરી છે કે અખાડાવાળાને જેટલી યાદીઓ બહાર પાડવી હોય એટલી બહાર પાડે તેમના ભક્તો તેમનામાં અવિચળ વિશ્વાસ ધરાવતા રહેવાના. રીઝર્વ બેંકવાળા ગમે તેટલા ખોખારા ખાય બેંકો લેભાગુ ઉધ્યોગપતિઓને જ મોટી મોટી લોન આપવાની , ઈન્કમટેક્ષવાળા ગમે તેટલા દરોડા પાડે કાળુ નાણું કદી બહાર આવવાનું નથી. ગમે તેટલી મોંઘવારી વધે, દવાખાનામાં લોકો મરે. રસ્તાઓ પર ખાડા પડે લોકો તો ધૂર્ત રાજકારણીઓની મોહજાળમાં વરસોવરસ ફસાવાના . એવા સમયે અમને એવું થાય છે કે આ દેશ વિવિધતાઓનો દેશ છે એમ કહેવું બરાબર નથી. ખરેખર તો એમ કહેવું જોઈએ કે આ દેશ વિચિત્રતાઓનો દેશ છે.

ગીત નાસ્તિક ફિલમનું
દેખ તેરે સંસારકી હાલત ક્યા હો ગઈ ભગવાન,
કિતના બદલ ગયા ઈન્શાન !
સૂરજ ના બદલા, ચાંદ ના બદલા, ના બદલા રે આસમાન,
કિતના બદલ ગયા ઈન્શાન !
આયા સમય બડા બેઢંગા,આજ આદમી બના લફંગા
કહીં પે ઝઘડા કહીં પે દંગા, નાચ રહા નર હોકે નંગા.
છલ ઔર કપટકે હાથો અપના બેચ રહા ઈમાન
કિતના બદલ ગયા ઈન્શાન !
રામકે ભક્ત, રહીમકે બંદે; રચતે આજ ફરેબકે ફંદે,
કિતને યે મક્કાર યે અંધે , દેખ લિયે ઈનકે ભી ધંધે;
ઈનકી કાલી કરતુતોંસે હુવાં યે મુલ્ક મસાન,
કિતના બદલ ગયા ઈન્શાન!
જો હમ આપસમે ન ઝઘડતે; ક્યુ બને યે સારે ખેલ બિગડતે
કાહે લાખોં ઘર યે ઉઝડતે, કયુ યે બચ્ચે માંસે બિછડતે
ફૂટ ફૂટ કર ક્યું રોતે પ્યારે બાપુકે પ્રાન
-૧૯૫૪

સાલમાં નાસ્તિક નામનું પિક્ચર આવેલું. તેમાં કવિ પ્રદીપજીએ આ ગીત લખેલું. રામરહીમની ધરપકડ તો ૨૦૧૭ માં થઈ. ત્રેસઠ વરસ પહેલા પ્રદીપજીએ આજના ઢોંગી બાબાઓનો પર્દાફાશ કરતું ગીત લખ્યું હતું. કેવી અજબ વાત લાગે છે ? આચાર્યશ્રી મમ્મટે દોઢથી બે હજાર વર્ષ પહેલા કવિને એક અર્થમાં ભવિષ્યવેત્તા કહેલો એ કદાચ આવો સંદર્ભ જ હશે. અદાલતનો ચુકાદો સાંભળીને રામરહીમ બાપુ ધ્રુસકે ધ્રુસકે રડવા માંડ્યા હતા તેને અને પ્રદીપજીની પંક્તિ'' ફૂટ ફૂટ કર ક્યું રોતે પ્યારે બાપુકે પ્રાન'' ને સહેજે લેવાદેવા નથી તે કહેવાની જરૂર નથી.

પણ સલામ પ્રદીપ સાહેબને...

ચાલો, ગાંધીનગરને આપણું બનાવીએ...

નટુભાઈ ગજ્જર

પાંચ સાત વર્ષ એક શાળામાં ભણેલો પોતાને તે શાળાના વિદ્યાર્થી તરીકે ઓળખાવે છે. ગૌરવ લે છે.

વર્ષોથી અમરેલી, કચ્છ, સુરેન્દ્રનગર કે ખેડા છોડ્યું છતાં ગાંધીનગરમાં વસતા ગાંધીનગરવાસી પોતાનો આગવો સમાજ બનાવી પોતાને તે વિસ્તારનો વતની ગણાવે છે. માતૃવંદના કરે છે.

મુંબઈ રાજયમાંથી સ્વતંત્ર ગુજરાત થતાં અહિં આવેલ નાગરો પોતાને કાઠિયાવાડી ગણાવે છે - ગુજરાતી નહિ. સરકારી નોકરી કરતા અમદાવાદી તો અમદાવાદ છોડીને ગાંધીનગર રહેવા આવવા પણ તૈયાર નથી.

સરકારે આ બધાને ગાંધીનગરનો વિકાસ થાય તેવા એક માત્ર આશયથી ગાંધીનગરમાં રાહત ભાવે જમીન આપી છે. અને તેમને આ ધરતીના ધાવણ પીધાં છે. ધરતી એ તો માતા છે અને તેથી આ માતાનું ઋણ ચુકવવાની આ સૌની ફરજ થઈ પડે છે. વિસતારી પેઢીના આવા લાભાર્થીઓએ પોતાના બાળકોને એ સંસ્કાર વારસો આપવાની જરૂર છે ગાંધીનગર મારું છે એ મારી માતૃભૂમિ છે અને હું તેને માટે કંઈ પણ કરી છૂટવા તૈયાર છું, પરંતુ દુઃખની વાત એ છે કે આવું થતું નથી.

રાહતદરે ગાંધીનગરમાં પ્લોટ લેવાની બહારના ધારાસભ્યની તૈયારી છે પરંતુ પોતાને ગાંધીનગરના ગણાવવા તેઓ તૈયાર નથી. અરે રહેતા પણ નથી.

૧૯૭૦માં ગાંધીનગરમાં જન્મેલો પહેલો બાળક આજે ૪૭ વર્ષ કરતાંય મોટી ઉંમરનો થયો પરંતુ ગાંધીનગરનો ના થયો.

કોનો શ્રાપ છે ગાંધીનગર ને? રેલ્વેવાળા ગાંધીનગરને પાટનગર માનવા તૈયાર નથી. મેટ્રોવાળા ગાંધીનગરને ડીયો બતાવે છે. મહેસાણાવાળા અમદાવાદીનું અનુકરણ કરી અપડાઉન કરે છે. કર્મચારીઓનાં ભણેલાં બાળકો ઓસ્ટ્રેલિયા, અમેરિકા કે કેનેડા જતા રહે છે અને ત્યાં પણ કોઈ પૂછે કે તું કયાંનો ? તો વતનનું નામ બતાવે છે, ગાંધીનગરનું નહિ. શું ગાંધીનગર અહિં જન્મેલા બાળકોની ઓળમાઈ માતૃભૂમિ છે? જુના સેકટર અને ગુડા બધાને ભેગા મળી ગાંધીનગરના હાલ કર્યા છે ભુંડા. શું ગાંધીનગરને બોડી બામણીનું ખેતર ગણવામાં આવે છે. જયાં જમીન લેવાય, તેના ભાવ ખવાય પછી છોડીને ભાગી જવાય? કોણે કરી ગાંધીનગરની આ સ્થિતિ? ગાંધીનગરની પવિત્રતાને કોણ આભડી ગયું? બાણશૈયા પર બેઠેલા ભિષ્મપિતામહ બની યુધિષ્ઠિર જેવા કુટુંબના વડાઓએ યુવાવર્ગને સાચો ધર્મ શિખવવો પડશે. નીતિ નિયમોને નેવે મૂકી ધરતીને અભડાવતા પોલીટીશીયનોને કહેવું પડશે કે અમારી માતૃભૂમિને અભડાવવાનું બંધ કરો.

મોહનભાઈ, મેવાડા સાહેબ કે બાબુભાઈના ગાંધીનગર માટે સપનાં રોળી નાંખનારની લાંબી યાદી થઈ શકે તેમ છે. બહારથી આવેલાની સુખસગવડ સમા મુખ્ય રસ્તા ચકચકાટ જોવા મળે છે પરંતુ આંતરિક રસ્તા કરતાં તો ગામડાંનાં ધુળિયા રસ્તાય સારા. પાવર હાઉસ લંગડાતું ચાલે છે અને ઔદ્યોગિક વસાહત બજારુ સ્ત્રી જેવી હાલતમાં છે.

વધારામાં દુઃખીયારી ડોસીને ચાર ધણી જેવી સ્થિતિ. બધા વેરા ઉઘરાવે અને કામ કરાવવા જાવ તો હાથ ઊંચા - આ અમારું નથી. (જો કે વેરા ના ભરે એને કોઈ ના પૂછે)

આજે ૪૭ વર્ષની આ માની આંખમાં આંસુ છે એને મા કહેનારું કોઈ નથી. એક અણમાનીતી ઓશીયારી સ્ત્રી જેવું વર્તન તેની સાથે થઈ રહ્યું છે. તેને ન્યાય આપવા એક કૃષ્ણકાન્ત કે એક કરુણ બુચભાઈ પુરતા નથી. મા ના બધા પુત્રોએ જાગવું પડશે શહેરની જુદી જુદી શાળામાં શિક્ષણકાર્ય કરી રહેલા શિક્ષકોએ તેમના વિદ્યાર્થીને એક પાઠ ભણાવવો પડશે. 'જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસી.' જન્મભૂમિ એ તો મા છે. આ ધરતીનું ધાવણ તે ધાયા છો એના ખોળામાં બેસી તમે મોટા થયા છો અહીં' તમને લાડપાન મળ્યાં છે. મોટા થઈને બેંગ્લોર જાવ કે દૂર દૂર ઓસ્ટ્રેલિયા, અમેરિકા કે કેનેડા જાવ ગર્વથી એક જ વાત કહેજો હું ગાંધીનગરનો છું. હું ગાંધીનગરથી આવું છું મારું એ સુખદ બાળપણ ગાંધીનગરમાં વીત્યું છે, જે ફળદ્રુપ ભૂમિએ કેટલાક નવયુવકોના ઉછેરમાં ખાતરનું કામ કર્યું છે તે મારું ગાંધીનગર છે, હું ગાંધીનગરનું ગૌરવ છે. માતૃઋણ એ મોટામાં મોટું ઋણ છે અને ખાસ કરીને જે લોકો ગાંધીનગરમાં જન્મ્યા છે તેમણે તો આ માતૃઋણ ચૂકવવું જ પડશે તો જ હંમેશા પારકી મા તરીકે હડધૂત થયેલી આ મા ના મુખ પર તમને સ્મિત જોવા મળશે.

હકીકત તો એ પણ છે કે જે કોઈનીય બદલી ગાંધીનગરમાં થાય છે તે ગાંધીનગરનો એટલો બધો હેવાયો થઈ જાય છે કે પછી તેને ગાંધીનગર છોડવું ગમતું નથી. 'મને ગાંધીનગર ગમે છે.'કહેનારા તો ઘણા મળી રહેશે પણ, 'આ ગાંધીનગર મારું છે.' એમ કહેનારા કેટલાં? જે ગમે તે તરફ મમત્વ થાય એને મારું કહેવાય એવો સર્વમાન્ય અનુભવ પણ ગાંધીનગરના કિસ્સામાં ખોટો પડે છે.

અને છેલ્લે તાજેતરમાં જ એક મિત્ર સાથે આ બાબતે વાત થતાં એણે મને કહ્યું કે, 'નટુભાઈ ગાંધીનગર એક એવી સ્ત્રી છે કે જેને મને ગમે તેમ કહેનારા ઘણા મળી રહે છે પણ ગાંધીનગર મારું છે એમ કહેનારા શોધ્યા ય નહિ જડે - ગાંધીનગર મારી મા છે તેમ કહેનાર તો આ ભૂમિમાં જન્મવાનો બાકી છે.' મને એની વાતમાં અતિશયોક્તિ નથી લાગતી તમને લાગતી હોય તો મને જણાવશો. આપણો સહિયારો સાથ જ મિત્રની એ ઉક્તિને ખોટી પાડી શકશે. ગાંધીનગરને એની સાચી ઓળખ અપાવશે. બાકી ગાંધીનગર આવી, તેની મમતાનો લાભ લઈ ભાગી જનારા ભાગેડુવૃત્તિ વાળા તો ઘણા મળી રહેશે. એક આંસુ સારતી માની આંખમાં આંસુ લૂછવાનો પડકાર નવી પેઢીએ ઉપાડી લેવો પડશે અને 'મારું ગાંધીનગર, પ્યારું ગાંધીનગર'નો નારો બુલંદ કરવો પડશે.